અરેઠ-માંડવીના સરપંચોનો મોરચો

૧૬મા નાણાંપંચની નવી ગાઇડલાઇન સામે વિરોધ

રૂ.૬ લાખની મર્યાદા અને જટિલ વહીવટી પ્રક્રિયાઓ હળવી કરવા પ્રાંત અધિકારીને આવેદનપત્ર અપાયું

હિતેશ પટેલ

સરપંચોની મુખ્ય રજૂઆત

- આદિવાસી વિસ્તારોની સમસ્યાઓ મેદાની વિસ્તારો કરતાં જુદી હોવાથી એક સરખા નિયમ રાખવા યોગ્ય નથી
- વિકાસના કામે માટેની રૂ.૬ લાખની મર્યાદા વર્તમાન મોંઘવારીમાં અત્યંત ઓછી પડે છે.
- 6 લાખની મર્યાદાને કારણે પંચાયત સ્તરે મોટા અને પાયાનાં કામો અટવાઈ પડે છે.
- ગામની વસતી અને ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખીને આ નાણાકીય મર્યાદામાં વધારો કરવો અનિવાર્ય છે.

ડિજિટલ પોર્ટલની જટિલતા અને GSTનો વધતો બોજ

GeM પોર્ટલ તેમજ e-GramSwaraj જેવી ડિજિટલ વહીવટી પ્રક્રિયાઓ અત્યંત જટિલ હોવાથી વિકાસકામોમાં ભારે સમયનો વ્યય થાય છે. આ ઉપરાંત નાની રકમના કામોમાં પણ વધતી જટિલ પ્રક્રિયા અને GSTના બોજથી પંચાયતોનું આર્થિક બજેટ ખોરવાઈ જાય છે. તેથી અંતરિયાળ અને ડુંગરાળ આદિવાસી પંચાયતોને આ નિયમોમાંથી વિશેષ છૂટછાટ આપવી જરૂરી છે. સરપંચોએ સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ પારદર્શિતા કે નિયમોની વિરુદ્ધ નથી, પરંતુ નિયમો એવા હોવા જોઈએ. જે ગ્રામ્ય વિકાસમાં સહાયક બને, અવરોધક નહીં.

ગ્રામ પંચાયત હસ્તક આ કામ કરવાના હોય છે

- શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા
- જાહેરમાર્ગો પર લાઈટની સુવિધા પૂરી પાડવી
- કચરાનો નિકાલ, ગટર વ્યવસ્થાની સુવિધા ઉભી કરવી
- આંતરિક રસ્તાઓ (સીસી રોડ/પેવર બ્લોક) બનાવવા
- વહીવટી અને નોંધણીના કામો

માંડવી: ૧૬મા નાણાં પંચની નવી માર્ગદર્શિકાના કારણે ગ્રામીણ સ્તરે વિકાસ કાર્યો ઠપ થવાની ભીતિ વચ્ચે અરેઠ અને માંડવી તાલુકાના સરપંચોએ વિરોધનો સૂર ઉઠાવ્યો છે. વિકાસકામોમાં નડતી વ્યવહારુ અડચણો દૂર કરવાની માંગ સાથે સરપંચોના એક પ્રતિનિધિમંડળે માંડવી પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરી ઉચ્ચ સ્તરે યોગ્ય રજૂઆત પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

આવેદનપત્રમાં સરપંચોએ રજૂઆત કરી હતી કે, ગામની સાચી જરૂરિયાત ગ્રામસભા કરતાં વધુ સારી રીતે અન્ય કોઈ સમજી શકે નહીં. જે કામોને ગ્રામસભા પ્રાથમિકતા આપે અને તેના માટે પંચાયત પાસે પૂરતું ભંડોળ ઉપલબ્ધ હોય, તેવાં કામો માત્ર કાગળી નિયમો અને પ્રક્રિયાકીય મર્યાદાઓના કારણે અટકવા ન જોઈએ. આ રજૂઆત વેળા બંને તાલુકાના અગ્રણી સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડની ધી સોંસક કોટન મંડળીમાં નાણાકીય કૌભાંડનું ભૂત ફરી સળવળ્યું

સુ.જિ.રજિસ્ટ્રારે મંડળીમાં નિમણૂક કરેલા વહીવટદારના હુકમને સરકારે બહાલ રાખ્યો

સુરત: ઓલપાડ જીન કેમ્પસ ખાતે આવેલી ધી સોંસક ગ્રુપ કો.ઓ. કોટન સેલ સોસાયટીની ચૂંટાયેલી કમિટીને બરતરફ કરી વહીવટદાર નીમવાના જિલ્લા રજિસ્ટ્રારના આદેશને રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે યોગ્ય ઠેરવ્યો છે. મંડળીના સસ્પેન્ડેડ પ્રમુખ સહિત કમિટીના સભ્યોની રિવિઝન અરજી ફગાવી દેવાતાં જિલ્લાના સહકારી રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

મંડળીમાં વર્ષ-૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન મેનેજર સહિત કર્મચારીઓએ બોગસ ધિરાણ, ખોટાં બિલ અને સ્ટોકમાં ઘાટ દર્શાવી રૂ.૬૨ લાખથી વધુનું આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. આ કૌભાંડ પ્રકાશમાં આવતાં મંડળીના ગંભીર ગેરવહીવટ મામલે મંડળીના પૂર્વ પ્રમુખ કેતન પટેલ અને ગોલા ગામના સભાસદ નિમેષ પટેલ(લાલુ) એ સુ.જિ.રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ)ને ફરિયાદ કરી હતી. આ મામલે કલમ-૮૮ હેઠળની તપાસમાં કમિટીની ગંભીર નાણાકીય ક્ષતિઓ સાબિત થતાં જિલ્લા રજિસ્ટ્રારે કલમ-૮૧ હેઠળ કમિટીને સુપરસીડ કરી વહીવટદાર નીમ્યા હતા. આ હુકમ સામે પ્રમુખ જયેશ એન.પટેલ અને ૧૨ કમિટી સભ્યોએ હાઈકોર્ટના નિર્દેશ બાદ નાયબ સચિવ (અપીલ) રાજેશ જોશી સમક્ષ રિવિઝન અરજી દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન નોંધાયું હતું કે, વર્ષો સુધી સ્ટોકની ઘટ અને બોગસ બિલિંગ સામે યોગ્ય પગલાં ન ભરીને કમિટી કર્મચારીઓ પર દેખરેખ રાખવામાં નિષ્ફળ રહી છે. તેમજ કેટલાક સભ્યોએ દંડ ભરવાની કબૂલાત પણ કરી છે.

તમામ પુરાવા ધ્યાને લઈ નાયબ સચિવે ઠરાવ્યું હતું કે, વહીવટદાર નીમવાનો નિર્ણય સભાસદો અને સંસ્થાના હિતમાં યોગ્ય છે. જેથી ૨૫ ઓગસ્ટના રોજ અરજદારોની રિવિઝન અરજી રદ કરી વહીવટદાર નીમવાના આદેશને માન્ય રાખવામાં આવ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

બારડોલીના મોતામાં ૫ વર્ષથી ટીબીની બીમારીથી પીડાતા યુવકનો આપઘાત

બારડોલી: બારડોલીના મોતા ગામના જીન ફળિયામાં રહેતા સુનિલભાઇ રાજુભાઇ રાઠોડ (ઉં.વ.૨૮)એ ગત તા.૧ સપ્ટેમ્બરે સવારે આશરે ૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરના રૂમમાં છતની લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ મૃતકના પિતા રાજુભાઇએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એ હકીકત સામે આવી છે કે મૃતક યુવક છેલ્લાં પાંચ વર્ષથી ટીબીની ગંભીર બીમારીથી પીડાઈ રહ્યો હતો અને આ લાંબી બીમારીથી શારીરિક તેમજ માનસિક રીતે કંટાળી જઈને તેણે આ પગલું ભર્યું હતું.

જૂના વડગામ ગામે ઉકાઈ જળાશયમાં ડૂબી જવાથી માછીમારનું મોત

વ્યારા: ઉચ્છલના જૂના વડગામ ગામે ઉકાઈ જળાશયમાં માછલી પકડવા ગયેલા માછીમારનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું. જૂના વડગામ પાસે આવેલા ઉકાઈ જળાશયના ગણસીયા ડુંગર નજીક ક્રુગારાના ઊંડા પાણીમાં જયરામભાઈ આલુભાઈ ગામીત (ઉં.વ.50) (રહે.,વડદેખુર્દ, નીચલું ફળિયું, તા.ઉચ્છલ જિ.તાપી) ગલ ટ્યૂબ લઈ માછીમારી કરવા ગયો હતો. જે દરમિયાન પાણીમાં ડૂબી જતાં માછીમારનું મોત નીપજ્યું હતું.

સોનગઢમાં મકાન પડાવી લેવાની ધમકી આપનાર સામે ગુનો નોંધાયો

સોનગઢ: સોનગઢના ગણેશનગરમાં કુંભારીકામ કરતા શ્રમિક રાકેશભાઈને ૧૦% વ્યાજે ૧.૫૦ લાખ આપી, ૧.૪૦ લાખ વસૂલ્યા છતાં આરોપી રમેશ ગઢરી અને ગંગાબેને ૨.૫૦ લાખ લેણાં કાઢી પત્નીનું મકાન બળજબરીથી ગીરો કરાવી લીધું હતું. અન્ય વ્યાજખોર નારણ ગઢરીએ પણ ૭૦ હજાર સામે ૧.૪૪ લાખ વસૂલી જાનથી મારવાની ધમકી આપી હતી. પોલીસે વ્યાજખોરો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સેગવામાં બીજા માળેથી પટકાતાં શ્રમિક ઘાયલ

કામરેજ: કામરેજના સેગવા ગામે ગોપીન ઇન્ડસ્ટ્રિઝમાં બાંધકામની મંજૂરીનું કામ કરતી વખતે મધ્યપ્રદેશનો ૧૮ વર્ષીય શ્રમિક રાજેશ મેડા બીજા માળેથી અચાનક નીચે પટકાયો હતો. લિફ્ટમાંથી કોંક્રીટનો માલ રેકડીમાં લઈ જતી વખતે સર્જાયેલી આ દુર્ઘટનામાં ગંભીર ઈજા પહોંચતાં તેને સારવાર અર્થે ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડાયો છે, જ્યાં તેમની હાલત અર્ધબેભાન છે.

સાંકી ગામે ઇન્ડસ્ટ્રિઝમાં તસ્કરો ત્રાટક્યા

પલસાણા: પલસાણાના સાંકીની સારથી ઇન્ડસ્ટ્રિઝ પાર્કના પ્લોટ નં.૧૫૦ સ્થિત 'શ્રી અંબિકા વાયર એન્ડ કેબલ્સ' ફેક્ટરીમાં તસ્કરો ત્રાટક્યા હતા. ૩૧ ઓગસ્ટની મોડી રાત્રે અજાણ્યા ચાર ચોરોએ કંપનીના ગોડાઉન અને પ્રોડક્શન વિભાગમાં પ્રવેશી લોકર તોડી રૂ.૭૦,૦૦૦ રોકડા તથા રૂ.૧,૧૦,૦૦૦ ની કિંમતના કોપર વાયર મળી કુલ રૂ.૧,૮૦,૦૦૦ ના મુદ્દામાલની ચોરી કરી હતી. સવારે બનાવની જાણ થતાં કંપનીના મેનેજર વર્ષીલ પટેલે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી પીએસઆઈ ડી.એચ.રાઠોડે તપાસ હાથ ધરી છે.

બારડોલીનું બમરોલી ફીડર બંધ રહેતાં ૨૦થી ૨૫ ગામોનાં ખેડૂતોને મુશ્કેલી

ઊભો પાક સુકાઈ જવાની ભીતિ વચ્ચે વીજ કંપની સામે રોષ

બારડોલી: બારડોલી તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી ખેડૂતો કુદરતી તેમજ માનવસર્જિત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની ખેતીવાડી લાઈનનું બમરોલી ફીડર લાંબા સમયથી બંધ હાલતમાં હોવાને કારણે આ વિસ્તારના આશરે ૨૦થી ૨૫ ગામોના ખેડૂતોને ખેતીવાડી માટે વીજપુરવઠો મળી રહ્યો નથી. વીજળીના અભાવે ખેડૂતો પોતાના ખેતરોમાં સમયસર સિંચાઈ કરી શકતા નથી, જેના કારણે ખેતરોમાં રહેલો શેરડી અને કેળનો મહત્ત્વનો ઊભો પાક સુકાઈ રહ્યો છે.

આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક ખેડૂતો દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપનીની વિવિધ કચેરીઓમાં અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં તંત્ર દ્વારા કોઈ જ સંતોષકારક કાર્યવાહી કે મરામત કામગીરી કરવામાં આવી નથી. વીજ કંપનીના ઉદાસીન વલણના કારણે ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

બીજી બાજુ કુદરતે પણ ખેડૂતો સાથે પક્ષપાત કર્યો હોય તેમ છેલ્લા એક મહિનાથી વિસ્તારમાં વરસાદ ખેંચાયો છે. ચોમાસાની આ સિઝનમાં વરસાદ ન વરસવા અને ઉપરથી વીજ પુરવઠો ન મળવાના બેવડા મારથી આફવા, ઈસરોલી, બમરોલી, ગોતાસા, તાજપોર બુજરંગ, ગોજી, કણાઈ જેવાં ગામોના ખેડૂતોની આર્થિક અને શારીરિક હાલત અત્યંત કફોડી બની ગઈ છે.

પાણીના અભાવે કાળી મજૂરી કરીને ઉછેરેલો લાખો રૂપિયાનો પાક નજર સમક્ષ સુકાઈ રહ્યો હોય, ત્યારે અન્નદાતા લાચાર બન્યા છે. જો વીજ કંપની દ્વારા તાત્કાલિક ધોરણે બમરોલી ફીડર સુધારીને વીજ પુરવઠો પૂર્વવત કરવામાં નહીં આવે, તો ખેડૂતોને વ્યાપક પ્રમાણમાં આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્થાનિક વહીવટી તંત્ર અને વીજ કંપની વહેલી તકે યોગ્ય પગલાં ભરે તેવી ખેડૂતોમાં ઉગ્ર માંગ ઊઠી છે.

ટ્રાવેલ્સમાં ગાડીઓ ભાડે મૂકવાના બહાને કાર માલિક સાથે છેતરપિંડી

કડોદરાના પંકજ ખત્રીએ બે કાર ભાડે લીધી હતી, પાછી ન આપતાં ફરિયાદ

પલસાણા: કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં એક છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. પાંડેસરા અને કડોદરા ખાતે રહેતા પંકજભાઈ લક્ષ્મણદાસ ખત્રી નામના વ્યક્તિએ 'સાંઈ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ'ના નામે કાર માલિકોને છેતર્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. પલસાણાના ગંગાધરા ખાતે રહેતા ૫૧ વર્ષીય અંબુજકિશોર બીરેન્દરપ્રસાદ સિંઘે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર ફરિયાદીના મિત્ર મારફતે તેમની મુલાકાત પંકજ ખત્રી સાથે કડોદરાના શ્યામ આર્કેડ ખાતે થઈ હતી. પંકજ ખત્રીએ પોતાની ટ્રાવેલ્સ કંપનીમાં ગાડી ભાડે મૂકવા પર દર મહિને સારું ભાડું આપવાનો વિશ્વાસ અપાવ્યો હતો. જેના આધારે ફરિયાદીએ ૨૯ મે-૨૦૨૫ના રોજ પોતાની ૪ લાખ રૂપિયાની કિંમતની મારુતિ સુઝુકી સ્વિફ્ટ કાર નં.(GJ-19-BJ-0834) માસિક ૨૮,૦૦૦ રૂપિયાના ભાડે આપી હતી. શરૂઆતમાં બે મહિના ભાડું નિયમિત ચૂકવ્યા બાદ આરોપીએ વધુ એક ગાડીની માંગણી કરી હતી. બાદ વિશ્વાસમાં આવીને ફરિયાદીએ પોતાની ૬ લાખ રૂપિયાની કિંમતની બલેનો કાર નં.(GJ-19-BR-3981) પણ ૧૩ સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ માસિક ૩૫,૦૦૦ રૂપિયાના ભાડે આપી હતી. બંને કાર મેળવી લીધા બાદ આરોપી પંકજ ખત્રીએ બલેનો કારનું એકપણ મહિનાનું ભાડું ચૂકવ્યું ન હતું અને સ્વિફ્ટ કારનું ભાડું પણ બંધ કરી દીધું હતું. વારંવાર ભાડું અને પોતાની બંને ગાડીઓ, જેની કુલ કિં.રૂ.૧૦ લાખ રૂપિયા થાય છે, તે પરત માંગવા છતાં આરોપીએ માત્ર બહાનાં જ બતાવ્યાં હતાં અને ગાડીઓ પાછી આપી ન હતી. ઉપરાંત પંકજ ખત્રીએ અન્ય લોકો સાથે પણ ખોટું બોલીને આ જ પ્રકારે વિશ્વાસઘાત કર્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર મામલે કડોદરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બગુમરામાં અગમ્ય કારણોસર યુવતીનો આપઘાત

પલસાણા: પલસાણાના બગુમરા ગામે મહાદેવ નગરમાં રહેતી ૨૨ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ પોતાનું જીવન ટુંકાવ્યું છે. પલસાણા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૂળ ઉત્તરપ્રદેશના ગાઝીપુરના વતની અને હાલમાં પલસાણાના મહાદેવ રેસિડન્સી-૦૧ (મકાન નં. ૨૬૧)માં રહેતા અને નોકરી કરતા રામનિવાસ ડહારીસીંઘ યાદવ (ઉં.વ.૫૧) દ્વારા આ અંગેની પોલીસને જાણ કરવામાં આવી હતી. તેમની ૨૨ વર્ષીય દીકરી કવિતાબેને ગત તારીખ ૩૧ ઓગસ્ટ-૨૦૨૬ની રાત્રે ૧૦:૩૦થી ૧ સપ્ટેમ્બર-૨૦૨૬ની સવારના ૬:૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન બગુમરા ગામના મહાદેવ નગર-૧ના મકાન નંબર-૩૩૩માં કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ થતાં પરિવારજનોમાં ભારે આઘાત અને શોક વ્યાપી ગયો હતો. ત્યારબાદ સવારે ૧૦:૧૫ વાગ્યે પલસાણા પોલીસ સ્ટેશનમાં આ બાબતની સત્તાવાર જાણ કરવામાં આવી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

વાલોડ-મોરદેવી ટ્રાન્સમિશન લાઈન મુદ્દે બારોબાર બેઠક સામે વિરોધ

વાલોડ: વાલોડ-મોરદેવી ટ્રાન્સમિશન લાઈનની કામગીરી દરમિયાન ખેડૂત પ્રતિનિધિ નક્કી કરવા અંગે ખેડૂતોની જાણ બહાર જ મિટિંગ યોજી કાર્યવાહી કરવામાં આવતાં વાલોડ વિસ્તારના ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપી ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. વાલોડ મોરદેવી ટ્રાન્સમિશન લાઈનની કામગીરી દરમ્યાન મોટા ટાવરો ખેડૂતોના ખેતરોમાં ઊભા કરવામાં આવી રહ્યા છે. જેથી જમીન, પાક તળાવ અને અન્ય વૃક્ષોને પણ ભારે નુકસાન થાય તો જેના વળતર અંગે ખેડૂત પ્રતિનિધિ નક્કી કરવા અંગે વિચારણા થઈ હતી. ખેડૂતોને આ બાબતે માર્કેટ રેટ કમિટી માટે પ્રતિનિધિનું નામ પસંદ કરી મોકલવા જણાવ્યું હતું. જેથી ખેડૂત ખાતેદારોએ 66 કે. વી વાલોડ મોરદેવી લાઈન (જેટકો નવસારી) સાથે કેટલાક મુદ્દા બાબતે ચર્ચા કર્યા બાદ જ પ્રતિનિધિ રજૂ કરવા જણાવ્યુ છે જો આ મુદ્દાઓ અંગે કોઈ ચર્ચા ન થાય તો વાલોડ વિસ્તરના ખેડૂતો પ્રતિનિધિ રજૂ કરવા માંગતા નથી મુજબનું જણાવ્યું છે. જે અંગે વાલોડ મામલતદારને પણ આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો છે.

માણેકપોર ચેકપોસ્ટ પાસે દારૂ ભરેલી કાર ઝડપાઈ

પલસાણા, બારડોલી: સુરત એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડે માણેકપોર ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી ટાટા હેરિયર કાર નં.(GJ-05-RM-3026)માંથી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસની નાકાબંધી જોઈ ભાગવા જતા ચાલકે કાર ડિવાઈડર સાથે અથડાવી દીધી હતી. પોલીસે કાર ચાલક અજય રોહિતભાઈ ધોડી (રહે.,સરઈ, ઉમરગામ, વલસાડ)ની ધરપકડ કરી રૂ.૨.૯૬ લાખનો દારૂ, ૧૦ લાખની કાર, મોબાઈલ અને રોકડ મળી રૂ.૧૩,૦૯,૬૨૪નો મુદ્દામાલ જપ્ત કરી યોગેશ વારલી અને વડોદરાના અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો.

પલસાણાની રાજલક્ષ્મી ડેનિમ મિલમાં ભીષણ આગ લાગતાં ૨૬ મશીન ખાખ

સદભાગ્યે કોઈ જાનહાનિ ન થતાં તંત્રને રાહત

પલસાણા: પલસાણાના બલેશ્વરમાં આવેલા ગુજરાત ઈકો ટેક્સ્ટાઈલ પાર્ક સ્થિત શ્રી રાજલક્ષ્મી ડેનિમ લિમિટેડ મિલમાં ગત તા.૩૦મી ઓગસ્ટના રોજ સવારે ૮:૪૫ કલાકે ભીષણ આગ ફાટી નીકળી હતી.

મિલના વિવિંગ વિભાગમાં યાંત્રિક કે ઈલેક્ટ્રિક ખામીના કારણે અચાનક લાગેલી આ આગમાં લુમ્સના આશરે ૨૬ મશીન, વાયરિંગ, ઈલેક્ટ્રિક પેનલ અને કાચા માલના બીમ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયાં હતાં. આગને કારણે વિભાગની દીવાલો અને સીલિંગને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. સદભાગ્યે આ ગંભીર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આ બનાવ અંગે સુરતના વેપારી શ્રીકાંત રાજેન્દ્ર શાહની જાહેરાત પરથી પલસાણા પોલીસ સ્ટેશનમાં આગ અકસ્માતની નોંધ કરવામાં આવી છે અને હાલ ASI મિતાલીબેન વધુ તપાસ ચલાવી રહ્યા છે.

દારૂબંધી છે ક્યાં? ઓલપાડ ટાઉનના કોંગ્રેસ અગ્રણી સમીર મલિકે સેવાસદનને અનોખું આવેદનપત્ર આપ્યું

ગિફ્ટ સિટીમાં 'ચીયર્સ', બહાર 'બેન'!

ગુજરાતમાં ૬૫ વર્ષથી ચાલતો દારૂબંધીનો ઢોંગ બંધ કરવા વડાપ્રધાન અને મુખ્યમંત્રીને વિશેષ સત્ર બોલાવવાની અપીલ

સાયણ: ઓલપાડ ટાઉનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના મંત્રી સમીર મલિક રહે છે. તેમણે બુધવારે તાલુકા સેવાસદન ખાતે ગુજરાતમાંથી દારૂબંધી હટાવી લેવા આવેદનપત્ર આપતાં કહ્યું હતું કે, સને-૧૯૬૦માં મુંબઈ રાજ્યમાંથી ગુજરાત છૂટું પાડીને ગુજરાત રાજ્યની સ્થાપના કર્યાને ૬૫ વર્ષ પૂર્ણ થયાં છે અને તે સમયથી ગુજરાતમાં 'દારૂબંધી' કાયદાનો અમલ શરૂ કરવામાં આવ્યો હતો. પરંતુ ૬૫ વર્ષ પછી પણ આજે ગુજરાતમાં જ્યાં જુઓ ત્યાં છૂટથી દારૂ મળી રહ્યો છે. જેનું મુખ્ય કારણ ગુજરાત રાજ્યને અડીને આવેલા તમામ કેન્દ્ર શાસિત પ્રદેશો અને રાજ્યોમાં 'દારૂબંધી' ન હોવાને કારણે આ વિસ્તારમાંથી રોજ ખૂબ મોટા પ્રમાણમાં મોંઘો ઈંગ્લિશ દારૂ ગુજરાતમાં ઠલવાય છે.

આ સિવાય ગુજરાતમાં કેટલાક લોકો દેશી દારૂનો અડ્ડો ચલાવતા આ દારૂની છૂટક પોટલી રૂ.૫૦ના ભાવે ખુલ્લેઆમ વેચાય છે, જેમાંથી કેટલોક દારૂ પોલીસ પકડે છે અને બાકીનો દારૂ પોલીસના છૂપા આશીર્વાદથી દારૂના વ્યસની સુધી પહોંચી જાય છે. જો ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂનો વેપલો ચાલતો હોય તો પછી દારૂબંધીનો કાયદો માત્ર કાગળ ઉપર જ દોડી રહ્યો છે.

તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાતમાં લાખોની સંખ્યામાં દારૂ પીનારા લોકોને લાઈસન્સ આપવામાં આવ્યાં છે. એટલું જ નહીં પણ હાલમાં ખુદ ગુજરાત સરકાર દ્વારા જ ગુજરાતના પાટનગર ગાંધીનગરની 'ગિફ્ટ સિટી'માં ગુજરાત બહારથી આવતા લોકો પોતે જો ગુજરાત બહારના હોવાનો પુરાવો રજૂ કરે તો દારૂ પીવાની છૂટ આપવામાં આવેલી છે. ત્યારે આ બધું જોયું અને જાણ્યા પછી સવાલ એ થાય છે કે, શું ખરેખર ગુજરાતમાં 'દારૂબંધી' છે ખરી? જ્યારે ગુજરાતમાં અનેક વખત દારૂના લઠ્ઠાકાંડના બનાવોમાં લોકોએ જીવ ગુમાવ્યો છે. જેથી ગુજરાતમાં છેલ્લાં ૬૫ વર્ષથી કાગળ પર ચાલતી 'દારૂબંધી'ને જો ઉઠાવી લેવામાં આવે તો રાજ્યને રોયલ્ટી પણ મળશે અને વ્યસની લોકોને પીવા માટે ચોખ્ખો દારૂ મળતાં લઠ્ઠાકાંડનાં બનાવો પણ અટકશે. સમીર મલિકે ગુજરાતમાંથી 'દારૂબંધી' હટાવવાનો કાયદો ઘડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને સંસદનું વિશેષ સત્ર બોલાવવા તથા ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા ગૃહ મંત્રી હર્ષ સંઘવીને વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવા અને વિપક્ષ નેતાઓને પણ સહકાર આપવા માંગ કરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Toxic
10:00am, 11:00am, 01:00pm, 02:45pm, 06:15pm, 09:00pm, 10:00pm
Tom And Cherry-Gujarati
05:00pm
Hanuman Ansh
02:00pm, 05:45pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)

સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજની વાડીની બાજુમાં, બારડોલી-ધુલીયા હાઈવે, મુ.પો.ઈસરોલી, તા.બારડોલી, જિ.સુરત. મો.નં.૯૨૨૭૦ ૨૦૦૧૩

"શીલ્ડ હરિફાઈ યોજના સૂરત/તાપી જિલ્લા/સૂરત શહેરની સહકારી સંસ્થાઓ માટે "

સૂરત જિલ્લા સહકારી સંઘ, "શીલ્ડ હરિફાઈ યોજના સૂરત/તાપી જિલ્લા/સૂરત શહેરની સહકારી સંસ્થાઓ માટે " વર્ષ ૨૦૦૦ થી શરૂ કરવામાં આવી છે. તે મુજબ સદર ૨૦૨૫-૨૬ના વર્ષમાં કરવામાં આવેલ શ્રેષ્ઠ કામગીરી અંગે નીચે જણાવેલ સહકારી સંસ્થાઓ માટેની શીલ્ડ હરિફાઈ યોજવાનું નક્કી કર્યુ છે.

નિયત વિભાગો	નિયત વિભાગો
જિલ્લા કક્ષાની સહકારી સંસ્થાઓ	પગારદાર કર્મચારીઓની સહકારી મંડળીઓ
નાગરિક સહકારી બેંકો	ગ્રાહક સહકારી ભંડારો
તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો	ખેતી પાક રૂપાંતર, પ્રોસેસીંગ-કોટન સહકારી મંડળીઓ
અર્બન કો.ઓપ.કેડિટ સોસાયટીઓ	ફળ, શાકભાજી ઉત્પાદક, ખરીદ વેચાણ સહકારી મંડળીઓ
દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ	મહિલા સહકારી મંડળીઓ
સેવા/લેમ્પસ/વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ	પિયત સહકારી મંડળીઓ

શીલ્ડ યોજના હરિફાઈ સમિતિએ નક્કી કરેલા નોમ્સ મુજબ જે સહકારી સંસ્થાઓને સને ૨૦૨૪-૨૫ ના વર્ષમાં પ્રથમ ક્રમ મેળવી શીલ્ડ પ્રાપ્ત કર્યુ હશે, તે સહકારી સંસ્થા પાંચ વર્ષ સુધી શીલ્ડ હરિફાઈમાં ભાગ લઈ શકશે નહી. છેલ્લા ત્રણ વર્ષનું શિક્ષણ ફંડ ભર્યુ હશે અને જેનો ઓડિટ વર્ગ છેલ્લા ત્રણ વર્ષમાં 'અ' આવેલ હશે તે જ સંસ્થા શીલ્ડ હરિફાઈમાં ભાગ લઈ શકશે.

નિયત કરેલા વિભાગો અંગેના આખરી નિર્ણય શીલ્ડ યોજના હરિફાઈ સમિતિના સભ્યો તરફથી લેવામાં આવશે જે સર્વમાન્ય ગણાશે.

શીલ્ડ હરિફાઈના જે તે નિયત કરેલા વિભાગો માટેના ફોર્મ્સ સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) ના કાર્યાલયમાંથી જાહેર રજા અને રવિવાર સિવાય તારીખ: ૪-૯-૨૦૨૬ થી તારીખ : ૨૬-૯-૨૦૨૬ દરમિયાન સવારે ૧૧-૦૦ થી ૩-૦૦ કલાક સુધીમાં મેળવી લેવા અને સદર ફોર્મ જરૂરી તમામ પત્રકો, છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક અહેવાલ/હિસાબો, છેલ્લા સુધારા સહિતનો પેટાકાયદો, છેલ્લા થયેલ ઓડિટની ઓડિટની નોંધ અને દુરસ્તી વગેરે સાથે સૂરત જિલ્લા સહકારી સંઘના બારડોલી કાર્યાલયને તારીખ : ૨૬-૯-૨૦૨૬ સુધીમાં પરત આપવાનું રહશે.

નિયત તારીખ પછી ફોર્મ આપવામાં આવશે નહીં કે સ્વીકારવામાં આવશે નહીં.

સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) બારડોલી-ધુલિયા હાઈવે, લેઊવા પાટીદાર સમાજની વાડીની બાજુમાં, નેશનલ હાઈવે-૫૪ મુ.પો. ઈસરોલી, તા.બારડોલી, જિ.સૂરત. મોબાઈલ નંબર- ૯૮૭૯૫ ૫૬૦૧૩	શીલ્ડ યોજના હરિફાઈ સમિતિના પ્રમુખશ્રીના આદેશથી ભાવેશકુમાર એસ.પટેલ એક્ઝિક્યુટિવ ઓફિસર સૂરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી)